ગુજરાતી સાહિત્ય પરિષદ
ગોવર્ધનભવન, ટાઈમ્સ ઓફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

# મધ્યસ્થ સમિતિના સભ્યપદ માટેની ચૂંટણીનું ઉમેદવારીપત્ર

૧. જે મતદાર મંડળમાંથી ઉમેદવારી કરવી હોય તેની સામે ખરાની નિશાની કરો.
સામાન્ય સભ્ય/આજીવન સભ્ય ---------------------------------------- ☐
સંવર્ધક/દાતા---------------------------------------- ☐ સભ્યસંસ્થા---------------------- ☐

૨. પૂરું નામ : (શરૂઆત અટકથી કરવી)----------------------------------------

૩. સરનામું અને મોબાઈલ નં. : ----------------------------------------
----------------------------------------

૪. જન્મ તારીખ : ------------------------ વય (ફક્ત પૂરાં વર્ષોમાં) ------------------------

૫. ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં સ્વરચિત સાહિત્યિક પુસ્તકો.

| અનુ. | પુસ્તકનું નામ | પ્રકાશન | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |

૬. પ્રતિષ્ઠિત ગુજરાતી સામયિકોમાં પ્રકાશિત થયેલ દસ સર્જનાત્મક કૃતિઓ અથવા સંશોધનાત્મક-વિવેચન લેખો.

| અનું. | કૃતિનું શીર્ષક | કૃતિનો પ્રકાર | જે સામયિકોમાં કૃતિ પ્રકાશિત થઈ હોય તેનું નામ | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |
| ૭. | | | | |
| ૮. | | | | |
| ૯. | | | | |
| ૧૦. | | | | |

૭. દરખાસ્ત કરનાર સભ્યનું નામ, સરનામું અને મોબાઈલ નં. : ----------------------------------------
----------------------------------------

૮. દરખાસ્ત કરનાર સભ્યની સહી : ----------------------------------------

૯. ટેકો આપનાર સભ્યનું નામ, સરનામું અને મોબાઈલ નં. : ----------------------------------------
----------------------------------------

૧૦. ટેકો આપનાર સભ્યની સહી : ----------------------------------------

૧૧. આથી હું જાહેર કરું છું કે હું ગુજરાતી સાહિત્ય પરિષદનો સામાન્ય / આજીવન સભ્ય / સંવર્ધક-દાતા / સભ્ય સંસ્થા સભ્ય છું અને ઉપર દર્શાવ્યા પ્રમાણે મારા મતદાર મંડળમાંથી મધ્યસ્થ સમિતિના સભ્યપદની ચૂંટણી માટે મારી ઉમેદવારી નોંધાવું છું. ઉપર જણાવેલી તમામ હકીકતો સાચી છે તેની હું આથી ખાતરી આપું છું.

સૂચના : જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું, નં.૫ અને ૬ વાળી વિગતો પૈકી કોઈ પણ એક ભરાઈ હશે તો પૂરતી ગણાશે.
ઉમેદવારે નીચે આપેલ બાંહેધરી પત્ર ભરવાનું રહેશે. અપૂર્ણ કે સહી વગરના બાંહેધરી પત્રના કિસ્સામાં તેની ઉમેદવારી અમાન્ય રહેશે.
સભ્યસંસ્થાના ઉમેદવારે સંસ્થાનું નામ અને સંસ્થાએ એમના માટે પ્રતિનિધિત્વ અંગેનો કરેલો ઠરાવ ઉમેદવારીપત્ર સાથે જોડવાનો રહેશે.
ઉમેદવારની જાણ માટે મધ્યસ્થ સમિતિની ચૂંટણીને લગતી બંધારણની જરૂરી કલમો પાછળ છાપી છે.

તારીખ : ઉમેદવારની સહી :

## બાંહેધરી પત્ર

હું ........................................................................................ આથી લિખિત બાંહેધરી આપું છું કે જો હું મધ્યસ્થ સમિતિના સભ્ય તરીકે ચૂંટાઈ આવીશ તો મધ્યસ્થ સમિતિના સભ્ય તરીકેના મારા સમગ્ર કાર્યકાળ દરમ્યાન હું પરિષદના હેતુ કે અસ્તિત્વને હાનિ પહોંચે એ પ્રકારની કોઈ ગતિવિધિ કે વર્તણૂક આચરીશ નહીં તથા પરિષદના તમામ ઠરાવો, નીતિઓ, સમાયંતરે લેવાતા નીતિવિષયક નિર્ણયો મને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે અને હું કોઈપણ સ્થિતિ કે સંજોગોમાં તેમનું ઉલ્લંઘન કરીશ નહીં અને જો મારા દ્વારા તેમનું ઉલ્લંઘન થાય તો પરિષદના બંધારણની કલમ-૨૧ મુજબ મારી સામે જરૂરી કાર્યવાહી કરી શકાશે.

તારીખ : ઉમેદવારની સહી :

## પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ ૫-અ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે :

(ક) પરિષદના જે તે સમયના પ્રમુખ

૧. પરિષદના પ્રમુખ સંમેલનના, કાર્યવાહક સમિતિના અને મધ્યસ્થ સમિતિના પ્રમુખ ગણાશે. તમામ મંત્રીઓ કોઈ પણ બેઠકનું આયોજન પ્રમુખની સંમતિથી કરશે.

૨. પરિષદ અંગેના કોઈપણ નિર્ણયમાં પ્રમુખશ્રી નિર્ણાયક મત (કાસ્ટીંગ વોટ) આપી શકશે. આ ઉપરાંત પરિષદને લગતી કોઈપણ કાર્યવાહીના સંદર્ભમાં નીતિનિયમો કે ઠરાવોના અર્થઘટન અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩. પ્રમુખની મુદ્દત તેઓ પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષની રહેશે.
કોઈપણ વ્યક્તિ પરિષદના પ્રમુખ તરીકેનો હોદ્દો ફક્ત એક ટર્મ પૂરતો જ સંભાળી શકશે.

(ખ) પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો.
(નોંધ : આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવાયેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ અને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

(ગ) સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમ જ ચૂંટણીનાં બે વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો

(ઘ) ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રવાહકોમાં વધુ ને વધુ સાહિત્યકારો અને સાહિત્યસેવીઓ સામેલ થાય તે દૃષ્ટિએ મધ્યસ્થ સમિતિના ચૂંટાયેલા ૪૦ સભ્યો ઉપરાંત બીજા ૫ સભ્યોની નિયુક્તિ નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ ચૂંટણી થયા બાદ અને નવી મધ્યસ્થ સમિતિ કાર્યરત થાય તે પૂર્વે કરશે. આ માટે મહામંત્રી નિવૃત્ત થતી મધ્યસ્થ સમિતિના સભ્યો પાસે છેલ્લી ચૂંટણીમાં ઊભા રહ્યા ન હોય તેવા અને સર્જન તથા સ્વાધ્યાયક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર સાહિત્યકારોનાં નામ મંગાવશે. મળેલાં નામોમાંથી કાર્યવાહક સમિતિ પાંચ સભ્યોની વરણી કરશે. આ ૫ સભ્યો મધ્યસ્થસમિતિના નિમંત્રિત સભ્યો ગણાશે. (નિમંત્રિત સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર રહેશે. મતાધિકાર રહેશે નહીં.)

(ચ) સંવર્ધકો/દાતાઓના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો.

(છ) સભ્યસંસ્થા વિભાગમાંથી ચૂંટાયેલા પાંચ સભ્યો

નોંધ : ઉપર્યુક્ત સભ્ય સંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના પાંચ સભ્યોની જગ્યાઓ ઉપર એ જ સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સભ્યસંસ્થાઓએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે તે પ્રતિનિધિના ફોટો, ઓળખપત્ર અને સહીનો નમૂનો મોકલ્યાં હશે. સભ્યસંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે સંબંધિત સભ્યસંસ્થાએ ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.

નોંધ : ૧ આ બે - (ચ), (છ) વિભાગોમાં ઊભા રહેલા સભ્યોને પણ સમગ્ર મતદારો મત આપશે.

નોંધ : ૨ પરિષદના સભ્ય થનાર વ્યક્તિએ ૧૮ વર્ષ પૂરાં કર્યાં હોવા જોઈશે. સભ્યપદને કાર્યવાહક સમિતિની મંજૂરી મળે પછી તેમનું સભ્યપદ માન્ય થશે.

નોંધ : ૩ સભ્ય થનાર વ્યક્તિને, પરિષદની કાર્યવાહક સમિતિએ અને મધ્યસ્થ સમિતિએ વખતો વખત નિર્ધારિત કરેલા નીતિ-નિયમો અને પસાર કરેલા ઠરાવો બંધનકર્તા રહેશે.

નોંધ : ૪ સંસ્થા-સભ્ય બનનાર સંસ્થા, સાહિત્ય, શિક્ષણ કે સંસ્કારના ક્ષેત્રમાં કામ કરતી અને જાહેર ટ્રસ્ટ એક્ટ કે સોસાયટીઝ એક્ટ નીચે નોંધાયેલી હોવી જોઈશે.
સભ્ય-સંસ્થા ઠરાવ કરીને તેમના એક પ્રતિનિધિનું નામ મોકલશે અને તે પ્રતિનિધિને જ ચૂંટણીમાં ઊભા રહેવાનો અને મત આપવાનો હક રહેશે.

નોધ : ૫ જરૂર જણાશે ત્યારે કાર્યવાહક સમિતિ, સામાન્ય સભ્ય, આજીવન સભ્ય, દાતા/સંવર્ધક અને સભ્યસંસ્થાની વ્યાખ્યા, ધોરણો અને નિયમોમાં ફેરફાર કરી શકશે.

(જ) ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

(ઝ) મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઑપ્ટ કરી શકશે.

કલમ ૫-બ મધ્યસ્થ સમિતિની રચના નીચે મુજબ રહેશે.

૧. વર્તમાન પ્રમુખ અને તમામ ભૂતપૂર્વ પ્રમુખો

૨. ટ્રસ્ટીઓ

૩. કલમ-૫-અની પેટાકલમ (ગ) અન્વયે ચૂંટાયેલા સભ્યો ૪૦ (ચાલીસ)

૪. કાર્યવાહક સમિતિએ વરણી કરેલા સભ્યો - પાંચ

૫. મધ્યસ્થ સમિતિએ કોઓપ્ટ કરેલા સભ્યો - ચાર

૬. સંસ્થાના પ્રતિનિધિઓ - પાંચ

૭. સંવર્ધકો/દાતાના પ્રતિનિધિઓ - ચાર

૮. સન્માન્ય સભ્યો - સાત

૯. અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ અને મંત્રી જેમની મુદત ત્રણ વર્ષની રહેશે.

કલમ ૬. મધ્યસ્થ સમિતિના સભ્યોની ચૂંટણી.
કલમ ૫-અની પેટાકલમ (ગ), (ચ) અને (છ)માં દર્શાવેલા સભ્યોની ચૂંટણી Compulsory Distributive Voting ની પદ્ધતિથી (અર્થાત્ જેટલી સભ્ય-સંખ્યા મુકરર થઈ હોય તેટલી સંખ્યા જેટલા ઉમેદવારોને ફરજિયાત મત આપવા તે પદ્ધતિથી) થશે.

કલમ ૭. કલમ-૫-અની પેટાકલમ (ગ), (ચ) અને (છ)માં દર્શાવેલા સભ્યોની ચૂંટણીની બાબતમાં સભ્યપદના પ્રત્યેક ઉમેદવારે નિયત થયેલું અને યોગ્ય રીતે સ્વયંપ્રમાણિત કરેલું ઉમેદવારી પત્રક (નૉમિનેશન પેપર) ભરવાનું રહેશે.

કલમ ૮. કલમ-૫-અની પેટાકલમો (ગ), (ચ) અને (છ) હેઠળ મધ્યસ્થ સમિતિના સભ્યપદની ઉમેદવારી કરનારની યોગ્યતા નીચે મુજબની હોવી જોઈએ.

૧. ચૂંટણી માટેનું ઉમેદવારી પત્ર ભરવાના આગલા દિવસે તેણે ૧૮ વર્ષ પૂરાં કર્યા હોવા જોઈએ.

૨. ચૂંટણી માટે ઉમેદવારી કરતાં અગાઉ સતત ત્રણ વર્ષ સુધી તે પરિષદના સામાન્ય સભ્ય રહ્યા હોવા જોઈશે અથવા બે વર્ષ પૂર્વે આજીવન સભ્ય થયા હોવા જોઈશે.

૩. ઉમેદવારના ગુજરાતી ભાષામાં ઓછામાં ઓછાં બે સાહિત્યિક પુસ્તકો પ્રગટ થયેલા હોવા જોઈએ અથવા પ્રતિષ્ઠિત ગુજરાતી સાહિત્યિક સામયિકોમાં દસ સર્જનાત્મક કૃતિઓ કે દસ સંશોધનાત્મક-વિવેચન લેખો પ્રસિદ્ધ થયા હોવા જોઈશે.

કલમ ૯. નિયત કરેલા સમયમાં મળેલાં અને માન્ય ઠરેલાં ઉમેદવારી પત્રકો ઉપરથી વર્ણાનુક્રમે મતપત્રક તૈયાર કરવામાં આવશે અને પરિષદના દરેક સભ્યને પરિષદનું ચૂંટણી કાર્યાલય સ્પીડ પોસ્ટથી સંબંધિત મતપત્રક મોકલી આપશે.

કલમ ૧૦. મતપત્રકો પાછાં ફર્યા પછી ચૂંટણી-અધિકારી નિયત દિવસે મતગણતરી કરશે અને ચૂંટણીનું પરિણામ જાહેર કરશે.

કલમ ૧૧. વર્ષ દરમિયાન મધ્યસ્થ સમિતિની ઓછામાં ઓછી બે બેઠકો યોજવામાં આવશે. બેઠકોમાં સભ્યો સ્વખર્ચે સહભાગી બનશે.

કલમ ૧૨. મધ્યસ્થ સમિતિની કાર્યસાધક સભ્યસંખ્યા પંદરની ગણાશે.